પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર


E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૩૬, કુલ પાના:૪, તારીખ: ૦૨-૧૦-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 36 PRICE :-RS. 1.50 DATE : 02-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### હાથરસ ગેંગરેપની શ્યાહી સુકાઈ નથી ત્યાં વધુ એક દુષ્કર્મની ઘટનાથી દેશમાં આક્રોશ

## ઉ.પ્રદેશમાં દુષ્મીંઓ બેફામ: બલરામપુરમાં દલિત યુવતી સાથે ગેંગરેપ, પીડિતાનું મોત




બલરામપુર,

હાથરસમાં સામૂહિક બળાત્કારના મામલે દેશમાં જુવાળ ફાટી નીકળ્યો છે આ દરમિયાન યુપીના બલરામપુરમાં દલિત યુવતી સાથે ગેંગરેપની ઘટના સામે આવી છે. ૨૨ વર્ષીય દલિત વિદ્યાર્થિની સાથે સામુહિક બળાત્કાર બાદ તેની કમર અને બંને પગ ભાંગી નાખ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થિનીને રિક્ષામાં બેસાડીને ઘરે મોકલી દેવાઈ હતી, જ્યાં થોડા સમય પછી તેને દમ તોડી દીધો હતો. આ કેસમાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર વિસ્તારને છાવણીમાં ફેરવાયો છે.

મૃતક મહિલાની માતાએ આરોપ લગાવ્યો છે કે પુત્રીને ઈન્જેકશન આપીને તેની પર ત્રાસ ગુજારવામાં આવ્યો અને બાદમાં કમર અને બંને પગ ભાંગી રીક્ષામાં બેસાડીને ઘરે મોકલી દીધી હતી, ત્યારબાદ તે કંઈ બોલી શકી નહોતી. તે ફક્ત એટલું જ કહેવામાં સક્ષમ હતી, 'ઘણી પીડા થાય છે, હવે હું બચીશ નહીં.' જોકે બલરામપુરના એસપી દેવ રંજન વર્માએ કહ્યું છે કે હાથ, પગ અને કમર તોડી દેવાની વાત સાચી નથી, કેમકે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આની પુષ્ટિ થઈ નથી.

આ દરમિયાન પોસ્ટમોર્ટમ બાદ મોડી રાત્રે પીડીતાના મૃતદેહને તેના ગામમાં લઈ જવામાં આવ્યો જ્યાં પહેલાથી જ મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું. મોડી રાત્રે જ પીડિતાના દેહના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા.

સુત્રોના જણાવ્યા અનુસાર ગેગરેપ બાદ મહિલાના આંતરિક અને બાહ્ય અંગોમાં ઘણી ઈજાઓ થઈ છે, જેના કારણે તેણીનું મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે પોલીસ અધિક્ષક દેવ રંજન વર્માએ જણાવ્યું હતુ કે આ કેસમાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. બનાવની તપાસ કરવામાં આવી રહી છે. પકડાયેલા આરોપીઓ શાહિદ અને સાહિલ છે. બંને ગેસડીના રહેવાસી છે. મિત્રતાના બહાને દલિત યુવતી પર રેપ કરવાનો આરોપ છે.

હેવાનિયતની આ ઘટના બલરામપુરના ગેસડી કોતવાલી વિસ્તારની છે. યુવતીના પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો છે કે ૨૨ વર્ષની દલિત વિદ્યાર્થિની ૨૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે બીકોમમાં પ્રવેશ મેળવવા માટે ઘરેથી નીકળી હતી પરંતુ તે પરત આી નહોતી. સાંજે પાંચ વાગ્યે તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સાંજના સાત વાગ્યે પીડિતા ગંભીર હાલતમાં રિક્ષા ઘરે પહોંચી હતી. તેની હાલત જોઈને ઘરના લોકોએ પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તે દર્દથી પીડાઈ રહી હતી.

ગામના બે ડૉક્ટરોને પાસે લઈ ગયા બાદ પરિવારજનો યુવતીને લઈને સારવાર માટે જિલ્લા મથકે દોડી ગયા હતા. પરંતુ યુવતીનું થોડેક અંતરે મોત નીપજ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે યુવતી ઘરે પહોંચી ત્યારે તે કાદવમાં ભીંજાઈ ગઈ હતી અને તેના હાથમાં ગ્લુકોઝ ચઢાવવાનો વિગો હતો. પરિવારે ગામમાં જાણવાનો પ્રયાસ કર્યો ત્યારે ખબર પડી કે ગામના એક યુવકે ગામના એક ડૉક્ટરને ઘરમાં યુવતીની સારવાર માટે બોલાવ્યો હતો.

પરિવારે આરોપ લગાવ્યો હતો કે જ્યારે યુવતી પચપેડવાની વિમલા વિક્રમ કોલેજમાં પ્રવેશ મેળવી પરત ફરી રહી હતી ત્યારે ગામના પથી ૬ છોકરાઓએ તેનું અપહરણ કર્યું હતું અને ગામના એક મકાનમાં લઈ જઈને ગેંગરેપ કર્યો હતો. જે રિક્શામાં યુવતીને ઘરે પહોંચાડવામાં આવી તેમાં લોહીના ડાઘા હતા.

જઘન્ય ગેંગરેપનો ભોગ બનનાર દલિત વિદ્યાર્થિની હોશિયાર હતી. લગભગ બે વર્ષ સુધી તેમણે એક સંગઠન દ્વારા ખેડૂતોને આધુનિક ખેતી વિશે જાગૃત કરવા માટેનું કામ પણ કરતી હતી. ઘટના બાદ પોલીસે મહિલાનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

કેસની ગંભીરતાનો અંદાજ એ પરથી લગાવી શકાય છે કે મહિલાનું પોસ્ટ મોર્ટમ ૪ સંયુક્ત જિલ્લા હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ હાઉસ ખાતે ૪ ડોકટરોની પેનલ દ્વારા કરાયું હતું. બલરામપુરના સીએમઓએ પણ પોસ્ટમોર્ટમ હાઉસ આવવું પડ્યું હતું.. મોડી સાંજે યુવતીનો મૃતદેહ પરિવારને સોંપાયો હતો.

## પાકિસ્તાન બોર્ડર નજીક ભચાઉમાં વિમાનોનાં ચક્કરથી ખળભળાટ, પોલીસને કરાઈ જાણ



ભચાઉ,

ભચાઉ તાલુકાના તેમજ ભારત-પાકિસ્તાન બોર્ડર નજીક આવેલા ચોબારી ગામના લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. નીચી ઊંચાઈ પર વિમાનોનાં ચક્કર અને અવાજોથી ગામલોકોમાં ભય પ્રસર્યો હતો. ગામના ડરેલા લોકોએ સરપંચને જાણ કરતાં આખરે સરપંચે ભચાઉ પોલીસને જાણ કરી હતી. ગઈકાલે સરહદી ચોબારી ગામ ઉપર વિમાનોનાં ચક્કર લાગતાં ગામલોકોમાં ભયનો માહોલ પણ જોવા મળ્યો હતો. ચોબારી ગામમાં ખૂબ નીચે ઊડી રહેલાં વિમાનોને કારણે લોકોમાં ભય હતો, જેને કારણે ગામના સરપંચે ભચાઉના પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીને જાણ કરી હતી. બાદ તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે ગામ ઉપર રાઉન્ડ લગાવતાં વિમાનો ભારતીય વાયુસેનાનાં હોવાની ખાતરી થતાં ચોબારી ગામના લોકોમાં થોડો હાશકારો થયો હતો, પરંતુ હજુ સુધી કારણ જાણવા મળ્યું હતું કે આ વિમાનો શા કારણે ચોબારી અને આજુબાજુના વિસ્તારોમાં ખૂબ નીચી ઊંચાઈથી ચક્કર મારી રહ્યાં હતાં.

સરહદી ચોબારી ગામના સરપંચ વેલજીભાઈ આહીરે જણાવ્યું હતું કે વિમાનોનાં ચક્કર લગાવવાથી ગામના કેટલાક લોકોનાં મને ફોન પણ આવ્યા હતા. તેમણે મને જણાવ્યું હતું કે લોકો ભયમાં મુકાયા છે. ત્યારે અમે આ વિમાનોના વિડિયો-ફોટો લઈ ચોકસાઈ કરતાં એ ભારતીય વાયુસેનાનાં હોવાનું જાણવા મળ્યું હતું.

## હાથરસ પીડિત પરિવારને મળવા જતા રાહુલ ગાંધી અને પોલીસ વચ્ચે ઘર્ષણ



ન્યુ દિલ્હી,

હાથરસ ગેંગરેપ કેસ મામલે કોંગ્રેસનો આક્રોશ રસ્તા પર જોવા મળી રહ્યો છે. આ ક્રમમાં પીડિત પરિવારને મળવા માટે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી હાથરસ માટે રવાના થયા છે. યુમના એક્સપ્રેસવે પર જ્યારે પોલીસે તેમને અટકાવ્યા તો તે પોતાની ગાડીમાંથી ઉતરી પગપાળા જ હાથરસ માટે નીકળી પડ્યા હતા. આ વચ્ચે એક તસવીર પણ જોવા મળી છે કે જેમાં રાહુલ ગાંધી ધક્કા મુક્કી પછી જમીન પર પડી ગયા હતા. આ પછી તેમની સુરક્ષામાં લાગેલા જવાનોએ તેમને ઉભા કર્યા હતા. રાહુલનો આરોપ છે કે પોલીસે તેમને ધક્કો માર્યો અને લાઠીઓ પણ મારી હતી.

પોલીસે રાહુલ અને પ્રિયંકા ગાંધી સહિત અન્ય કાર્યકર્તાઓની અટકાયત કરી છે. જાણકારી પ્રમાણે રાહુલ અને પ્રિયંકાની અટકાયત કરી જેવર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા છે.

રાહુલ ગાંધીએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે પોલીસે મને ધક્કો માર્યો છે. લાઠી મારી અને મને જમીન પર ફેંકી દીધો. હું પુછવા માંગું છું કે શું આ દેશમાં ફક્ત મોદી જીને પગપાળા ચાલવાનો અધિકાર છે. અમારા જેવા સામાન્ય લોકો પગપાળા ચાલી શકે નહીં. અમારી ગાડીઓ રોકવામાં આવી તેથી અને પગપાળા ચાલી રહ્યા છીએ.

રાહુલે કહ્યું પોલીસે મને ધક્કા માર્યા, લાઠી ચાર્જ કર્યો, મને જમીન પર પાડ્યો. અમારી ગાડીઓ રોકવામાં આવી હતી. આ કારણે અમે પગે ચાલવાનું શરૂ કર્યું. આજના હિન્દુસ્તાનમાં માત્ર મોદી જ પગે ચાલી શકે છે, મોદી પ્લેનમાં ઉડી શકે છે.

પોલીસે રાહુલને ધારા-૧૪૪નો હવાલો આપીને રોક્યા તો રાહુલે કહ્યું કે હું એકલો હાથરસ જઈશ. છતાં પણ પોલીસ તેમની ધરપકડ કરવા લાગી તો રાહુલે પૂછ્યું કે કઈ ધારા અંતર્ગત તમે આ કાર્યવાહી કરી રહ્યાં છો, લોકો અને મીડિયાને જણાવો ? પોલીસે કહ્યું કે તમે ધારા-૧૮૮નું વાયોલેશન કર્યું છે.

રાહુલ ગાંધી- પ્રિયંકા ગાંધી અને સુરજેવાલાની ધરપકડ કર્યા બાદ પોલીસે દેખાવો કરી રહેલા કોંગ્રેસના કાર્યકરો પર લાઠીચાર્જ શરુ કરી દીધો હતો. પોલીસે ભીડને વિખેરવા માટે બળ પ્રયોગ કર્યો હતા. જેમાં કેટલાક કાર્યકરોને ઈજા પહોંચી હતા.

## શિક્ષિત બેરોજગાર સમિતિએ આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ઉચ્ચારી ચિમકી

ગાંધીનગર,

શિક્ષિત બેરોજગાર સમિતિએ રાજ્યમાં અટકી પડેલી ભરતી મુદ્દે ફરી એક વખત સરકાર સામે બાંયો ચઢાવી છે. નોંધપાત્ર છે કે શિક્ષિત બેરોજગાર સમિતિએ પાટનગરમાં પ્રેસ કોન્ફરન્સ યોજી ગુજરાતની તમામ ૮ બેઠકોની પેટાચૂંટણીમાં પોતાના ઉમેદવાર ઉભા રાખવાની જાહેરાત કરી છે. સાથે જ ભરતી મુદ્દે આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ઉલ્લેખનીય છે કે શિક્ષિત યુવા બેરોજગાર સમિતિ ગાંધી જંયતિના દિવસે મહાત્મા મંદિરથી અમદાવાદ સ્થિત ગાંધી આશ્રમ સુધી રેલી યોજશે. બેરોજગાર સમિતિના આગેવાન દિનેશ બાંભણિયાએ જણાવ્યું કે સરકાર ભરતીના નામે ફક્ત જાહેરાતો કરે છે. બીજી તરફ જે ઉમેદવારો ગાંધીનગર આવે છે તેને પણ પોલીસ ખોટી રીતે રોકી હેરાન કરે છે.

## કોંગ્રેસ સાંસદ અહેમદ પટેલ કોરોના પોઝિટિવ



ન્યુ દિલ્હી,

કોરોના મહામારીએ આખી દુનિયાને પોતાની ચપેટમાં લીધી છે. ત્યારે ભારતમાં પણ આ જીવલેણ માહામારીએ કહેર વર્તાવ્યો છે. કોરોના સંક્રમિત કેસોની સંખ્યા સતત વધી રહી છે. જોકે, સારી વાત એ છે કે ભારતમાં કોરોના દર્દીઓના સાજા થવાનો રેશિયો અન્ય દેશોની સરખામણીએ ઘણો સારો છે.

આપને જણાવી દઈએ કે દેશની કેટલીક જાણીતી હસ્તીઓ પણ આ મહામારીની ચપેટમાં આવી છે. ત્યારે હવે વધુ એક જાણીતા નેતા કોરોના પોઝિટિવ આવ્યા છે. માહિતી મુજબ ગુજરાત રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસ નેતા અહેમદ પટેલ કોરોના પોઝિટિવ આવ્યા છે. જેના કારણે અહેમદ પટેલ સેલ્ફ આઈસોલેટ થયા છે. અહેમદ પટેલે આ અંગેની માહિતી સોશિયલ મીડિયા થકી આપી છે. અહેમદ પટેલે તેમના ટ્વિટર એકાઉન્ટ પર ટ્વીટ કરી સંપર્કમાં આવેલા લોકોને ટેસ્ટ કરાવવા સૂચન કર્યું છે.

અહેમદ પટેલે ટ્વીટ કરી લખ્યું કે,'મને કોવિડ૧૯ પોઝિટિવ આવ્યો છે. હું એવા દરેક વ્યક્તિને ટેસ્ટ કરાવવા વિનંતી કરું છે જે તાજેતરમાં મારા સંપર્કમાં આવ્યા છે. હું સેલ્ફ આઈસોલેટમાં છું.

## જીવના જોખમે લોકોની સેવા કરતા કોરોના વોરિયર્સને ૪ મહિનાથી પગારથી થયા વંચિત

નવસારી,

નવસારીમાં કોરોના વોરિયર્સને પગાર ન મળતા રેલી કાઢીને જિલ્લા વિકાસ અધિકારીને આવેદન આપ્યું હતુ. કોન્ટ્રાકટ આધારિત આરોગ્ય કર્મીઓનો ચાર મહિનાથી પગાર મળ્યો નથી. તમામ કર્મચારીઓ કોંગી ધારાસભ્યની આગેવાનીમાં રેલી સ્વરૂપે જિલ્લા પંચાયત કચેરીએ પહોંચ્યા હતા. જ્યાં આવેદન પાઠવીને ત્રણ દિવસમાં પગાર કરવાની માંગ કરી હતી. આરોગ્ય કર્મીઓએ આક્ષેપો લગાવ્યા હતા કે વિશ્વા એન્ટરપ્રાઈઝ દ્વારા તેમનું શોષણ કરવામાં આવે છે. પુરો પગાર આપવાને બદલે અડધો કે તેનાથી ઓછો પગાર ચુકવવામાં આવે છે.

## સિન્ટેક્સ ઈન્ડસ્ટ્રીઝે PNBને ૧૨૦૩ કરોડનો ચૂનો લગાડ્યો




ન્યુ દિલ્હી,

સરકારી સંચાલન હેઠળની પંજાબ નેશનલ બેંકને સિન્ટેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ નામની કંપનીએ રૂપિયા ૧૨૦૩ કરોડ રૂપિયાનો ચૂનો લગાડ્યો હતો. પંજાબ નેશનલ બેંકે રિઝર્વ બેંકને તેમજ શૅરબજારને આ સ્થિતિથી વાકેફ કરી હતી.

રિઝર્વ બેંકના નિયમો મુજબ કોઈ બેંકના એકાઉન્ટ સાથે છેતરપીંડી થાય તો બેંકે પૂરેપૂરી રકમની વિગત રિઝર્વ બેંકને આપવી પડે. PNBએ આ કંપનીના પોતાની બેંકમાંના ખાતાને ફ્રોડ જાહેર કર્યું હતું.

ટેકસટાઈલથી માંડીને પ્લાસ્ટિકની ટાંકી બનાવતી આ કંપનીની સ્થાપના ૧૯૩૧માં ભારત વિજય મિલ્સ લિમિટેડના નામે થઈ હતી. આ કંપની ગુજરાતના અમદાવાદ નજીક કલોલમાં કાપડની મિલ ચલાવતી હતી. ત્યારબાદ આ કંપની રિબ્રાન્ડીંગ હેઠળ સિન્ટેક્સ ઈન્ડસ્ટ્રીઝના નામે કામ કરતી થઈ હતી. નવા નામે કંપનીએ પ્લાસ્ટિકની વોટર ટેંક અને પ્લાસ્ટિકની બીજી ચીજો પણ બનાવવા માંડી હતી.

પ્લાસ્ટિકના દરવાજા, વીન્ડો ફ્રેમ્સ, ફોલ્સ સિલિંગ, પાર્ટિશન, વૉલ પેનલિંગ વગેરે બનાવવાનું સિન્ટેક્સે શરૂ કર્યું હતું. ૨૦૨૦ના માર્ચ સુધીમાં આ કંપની પર ૭,૨૧૮.૮૫ કરોડનું દેવું હતું. એમાંના ૨,૨૦૩ કરોડની લોન બાબતમાં કંપની ડિફોલ્ટર પુરવાર થઈ ચૂકી હતી. આ કંપનીએ ૨૦૧૯માં લોનના રિસ્ટ્રક્ચરીંગ પ્લાનને રદ કરીને દેવાળું કાઢવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. PNBએ આ કંપની દ્વારા પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો.

## પાકિસ્તાનની નફ્ફટાઈ: સરહદે ફાયરિંગમાં ભારતના ત્રણ જવાન શહિદ

જમ્મૂ,

ચીન સાથેના સરહદી વિવાદ વચ્ચે હવે પાકિસ્તાન એલઓસી પર કરેલા સંઘર્ષ વિરામના ભંગમાં આજે ભારતીય સેનાના ત્રણ જવાનો શહિદ થયા છે. જ્યારે અન્ય ૫ જવાનો ઘાયલ થયા છે. ભારતીય સેનાના જવાનો પાકિસ્તાનને આકરો જવાબ આપી રહ્યાં છે. પાકિસ્તાની સેનાએ આંતરરાષ્ટ્રીય સરહદને અડીને આવેલા સેનાની ચોકીઓને નિશાન બનાવીને મોર્ટાર મારો કર્યો હતો.

સેનાના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે ઉત્તરી કાશ્મીરના કુપવાડા જીલ્લાના નૌગામ સેક્ટરમાં પાકિસ્તાન તરફથી અચાનક જ મોર્ટાર મારો કરવામાં આવ્યો હતો જેમાં ૨ જવાન શહિદ થયા હતાં અને અન્ય ૫ જવાનો ઘાયલ થયા હતાં. પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે ઘાયલ જવાનોને સુરક્ષીત સ્થાને ખસેડવામાં આવ્યા છે જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

સેનાના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે ભારતીય સેના પણ પાકિસ્તાનને આકરો જવાબ આપી રહી છે. પાકિસ્તાની સેનાને પણ ભારે નુંકશાન પહોંચ્યુ છે. જોકે પાકિસ્તાન તરફથી કેટલા લોકોના મોત થયા તેની હજી ચોક્કસ માહિતી મળી નથી.

આ અગાઉ ગઈ કાલે મોડી સાંજે પાકિસ્તાની સેના દ્વારા પુંછ સેક્ટરમાં સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરી ભારતીય ચોકીઓ પર ભારે ગોળીબાર કર્યો હતો. જેમાં એક જવાન શહિદ થઈ ગયા હતાં જ્યારે એક જવાન ઘાયલ થયા હતાં.

જાહેર છે કે, સરહદે ભારતનો ચીન સાથે ભારે સંઘષ ચાલી રહ્યો છે. આ તકનો લાભ લઈને પાકિસ્તાન શિયાળા પહેલા ભારતમાં આતંકવાદીઓની ઘુષણખોરી કરાવવાના ઈરાદે સંઘર્ષ વિરામનો ભંગ કરી રહ્યું છે.

સેના તરફથી આના પર નિવેદન જારી કરીને કહેવામાં આવ્યુ છે, '૩૦ સપ્ટેમ્બરે લગભગ ૮ વાગીને ૩૦ મિનિટે પાકિસ્તાન તરફથી નાના હથિયારોથી ફાયરિંગ કરવામાં આવ્યુ હતુ. કૃષ્ણા ઘાટી સેકટરમાં નિયંત્રણ રેખા પર મોર્ટાર્સથી થયેલી ફાયરિંગનો સેનાએ જવાબ આપ્યો છે.' આ પહેલા પાકે પુંછના મનકોટ સેક્ટરાં પણ નાના હથિયારોથી ફાયરિંગ કર્યુ હતુ.

છેલ્લા ૮ મહિનામાં પાકિસ્તાને ૩૦૦૦થી વધુ વાર યુદ્ધ વિરામ ભંગ કર્યો છે, જે ૧૭ વર્ષમાં સૌથી વધુ છે.

## નેપાળ સરકારે અયોધ્યાપુરીમાં ૪૦ એકરની જમીન પર મંદિર નિર્માણ માટે જમીન ફાળવણી



કાઠમાંડૂ,

નેપાળના વડાપ્રધાન કે.પી ઓલી શર્માના અયોધ્યાનું નેપાળમાં હોવાનો દાવો કર્યા બાદ હવે ચિતવન જિલ્લાની નગરપાલિકા ૪૦ એકરની જમીન પર અયોધ્યાપુરી ધામનું નિર્માણ કરવા જઈ રહી છે. ચિતવન જિલ્લાની માડી નગરપાલિકાએ અયોધ્યાપુરીધામ બનાવવા માટે ૪૦ એકર જમીન ફાળવણીનો નિર્ણય કર્યો છે.

નેપાળના વડાપ્રધાન કે પી ઓલીના દાવા અનુસાર, નેપાળના ચિતવનમાં જ ભગવાન રામનો જન્મ થયો હતો. નેપાળ નેશનલ ન્યુઝ એજન્સીથી માડીના મેયર ઠાકુર પ્રસાદ ધાકલે જણાવ્યુ કે ૨૯ સપ્ટેમ્બરે થયેલી બેઠકમાં ધામને લઈને નિર્ણય લીધો છે.

નેપાળના પીએમ કે પી ઓલીએ ભારત પર સાંસ્કૃતિક વિરાસત પર કબ્જો કરવાનો આરોપ લગાવતા કહ્યુ હતુ કે ભારતની અયોધ્યા નકલી છે અને અસલી અયોધ્યા નેપાળના ચિતવન જિલ્લામાં છે. ઓલીના નિવેદન બાદ ભારત અને નેપાળમાં ઘણો વિવાદ થયો. નેપાળ અને ભારત વચ્ચે પહેલેથી જ સરહદ વિવાદને લઈને તણાવ છે. એવામાં ઓલીના આ નિવેદનની ઘણી ટીકા થઈ.

માડીના મેયર ધાકલે કહ્યુ, અમે વર્તમાનમાં અયોધ્યાપુરી પાર્કની ૪૦ એકર જમીન અયોધ્યાપુરી ધામ માટે ફાળવી છે. ભગવાન રામની જન્મભૂમિનું નેપાળમાં હોવાનો દાવો કર્યા બાદ ઓલીએ માડી નગરપાલિકાની સાથે બેઠક કરી હતી અને વધારે પુરાવા એકઠા કરવા માટે પુરાતાત્વિક ખોદકામ કરવાના આદેશ આપ્યા હતા. ઓલીએ માડી નગરપાલિકાને દરેક પ્રકારે સહયોગ આપવાની વાત પણ કરી હતી.

## GST વાર્ષિક રિટર્નની મુદત ૩૧ ઑક્ટોબર સુધી લંબાવાઈ

ન્યુ દિલ્હી,

સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના જીએસટી રિટર્ન અને ઑડિટ રિપોર્ટની મુદત એક મહિનો લંબાવીને ૩૧ ઑક્ટોબર સુધીની કરવાની જાહેરાત કરી હોવાનું સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટૅક્સિસ-સીબીડીટી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આચારસંહિતાને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ પાસે જરૂરી ક્લિયરન્સ મેળવ્યા બાદ સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના જીએસટીઆર-૯ અને જીએસટીઆર ૯સીની મુદત ૩૦-૦૯-૨૦૨૦થી લંબાવીને ૩૧-૧૦-૨૦૨૦ કરી છે, એમ સીબીડીટીએ જણાવ્યું હતું.

મે મહિનામાં સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના વાર્ષિક જીએસટી રિટર્ન ફાઈલ કરવાની મુદત ત્રણ મહિના લંબાવીને ૩૦-૦૯-૨૦૨૦ સુધીની કરી હતી.

જીએસટી હેઠળ નોંધાયેલા કરદાતાઓએ જ જીએસટીઆર-૯ વાર્ષિક રિટર્ન ફાઈલ કરવાનું રહે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૧૨ કોરોના પોઝિટિવ કેસ : કુલ ૧૦૭૭ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૧-૧૦-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૦૭૭ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૯૧૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૫૩૮૪૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૫ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૬૦ દર્દી હોમ આઈસોલેશન, ૦૯ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૩ દર્દી SDH સંતરામપુર, ૦૬ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૧૦ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓકિસજન પર અને ૦૨ વેન્ટીલેટર અને છે.

# સંતરામપુરના વાંઝીયા ખુટ ગામે આવેલ પરમીશન વગર ચાલતા બાયોડીઝલ પંપને પુરવઠા વિભાગે સીલ કર્યો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના વાઝીંગા ખુટ ગામે પરમીશન વગર ચાલતા બાયોડિઝલ પંપ ઉપર પુરવઠા વિભાગે તપાસ કરી સેમ્પલ લેવામાં આવ્યા હતા તેમજ પરમિશન વગર ચાલતા બાયોડિઝલ પંપને સીલ કરવામાં આવ્યો.

સંતરામપુર તાલુકાના વાંઝીયા ખુટ ગામે પરમીશન વગર ચાલતા બાયોડિઝલ પંપ ચાલતો હતો. હાલમાં રાજ્યમાં ડુપ્લીકેટ બાયો ડિઝલનું વેચાણ અટકાવવા માટે રાજ્યના મુખ્યમંત્રી દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. જેને પગલે મહિસાગર જીલ્લા પુરવઠા વિભાગ તપાસ કાર્યવાહી હાથ ધરી હતી. રાજ્યમાં ચાલતા બાયો ડિઝલ પંપમાં ઓઈલ અને અન્ય કેમીકલ મિશ્રણ કરીને વેચાણ કરવામાં આવતું હોય જેને લઈ ડીઝલ અને પેટ્રોલ કરવા વધુ પ્રદુષણ ફેલાય છે. આવા વેચાઈ રહેલા ડુપ્લીકેટ બાયો ડિઝલના વેચાણ અટકાવવા પેટ્રોલ પંપ ડીલર્સ એસોશીયેશન સભ્યોએ પુરવઠા વિભાગના અધિકારી સાથે બેઠક કરી રજુઆત કરી હતી. સંતરામપુરના વાંઝીયા ખુટ ગામે આવેલ બાયોડિઝલ પંપની પરમીશન તપાસ કરતાં તેઓએ બાયોડિઝલ પંપની પરમીશન લીધી ન હતી. પુરવઠા વિભાગે બાયોડિઝલના સેમ્પલ લઈને ટેસ્ટીંગ માટે લેબોરેટરીમાં મોકલ્યા છે. રીપોર્ટ આવ્યા બાદ પંપને સીલ કરવામાં આવ્યો છે.

# લુણાવાડા શહેરના કન્ટેઈનમેન્ટ સહિત વિવિધ વિસ્તારોમાં આર્સેનિક આલ્બમની ગોળીઓનું વિતરણ કરવા સહિત પોરાનાશક કામગીરી કરવામાં આવી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરત પણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે. આ આરોગ્ય કર્મીઓ ગામેગામ ફરીને ડોર ટુ ડોર સર્વેલન્સની સાથે આરોગ્યલક્ષી શિક્ષણ આપી રહ્યા છે. પછી તે કન્ટેન્મેન્ટ ઝોન હોય બફર ઝોન હોય કે પછી કોઈ પણ વિસ્તાર હોય તેઓ પોતાની કે પોતાના પરિવારની ચિંતા કર્યા સિવાય નાગરિકોના આરોગ્યની ચિંતા કરી રહ્યા છે.

જેના ભાગરૂપે લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર અને આરબીએસકેની ટીમ-૪૪૪ દ્વારા સિંધી કોલોની, જવાહરબાગ તથા આનંદ પાર્કના કન્ટેનમેન્ટ વિસ્તાર સહિત જયનગર, યોગેશ્વર નગર, દેવનંદન, મારૂતીનગર, નારાયણનગર, રણછોડપાર્ક, શકિતપાર્ક, વાવના મુવાડા, ગાયત્રી સોસાયટી, મહર્ષિ અરવિંદ સોસાયટી, બારોટવાડ, ગણેશ સોસાયટી, અંકુર પાર્ક, જી પાર્ક, ગોકુળધામ અને છપૈયાધામ વિસ્તારના નાગરિકોમાં રોગપ્રતિકારક શકિત વધારતી આર્સેનિક આલ્બમ-૨૦૦ અને ૩૦ સીની ગોળીઓનું તેમજ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અર્બન આશા બહેનોએ સગર્ભા માતાઓના ઘરની મુલાકાત લઈ તેઓના આરોગ્યની ચકાસણી કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જયારે વેકટર કંટ્રોલ ટીમ દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

આશા બહેનો અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોએ તેમની આ મુલાકાત દરમિયાન તમામને જરૂરી આરોગ્યલક્ષી સૂચનાઓ આપી કામ સિવાય ઘરની બહાર ન નીકળવા તેમજ ફરજિયાત માસ્કનો ઉપયોગ કરવા વારંવાર સાબુથી હાથ ધોવા અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા સમજાવવામાં આવ્યા હતા.

# ગુજકેટ-૨૦૨૦ના પરિણામ બાદ OMRની કોપીની નકલ અને ચકાસણી માટેનો રીપોર્ટ બોર્ડની વેબસાઈટ પરથી તા.૧૦મી સુધીમાં ડાઉનલોડ કરી લેવો

લુણાવાડા, ગુજકેટ-૨૦૨૦ની પરીક્ષાનું પરિણામ તા. ૫/૯/૨૦૨૦ના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામ બાદ OMR COPY ની નકલ મેળવવા માટેની અરજીઓ ઓનલાઈન માધ્યમથી સ્વીકારવામાં આવી હતી. ગુજકેટ-૨૦૨૦ પરીક્ષાની OMR COPY કોપીની નકલ અને ચકાસણથી માટેનો રીપોર્ટ ઓનલાઈન માધ્યમથી બોર્ડની વેબસાઈટ www.gseb.org અથવા gujcet.gseb.org પરથી તા. ૧૦/૧૦/૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધી ઓનલાઈન ડાઉનલોડ કરી શકાશે.

OMR COPY કોપી મેળવવા વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ અરજીની વિગત (સીટ નંબર, મોબાઈલ નંબર અને પાસવર્ડ)નો ઉપયોગ કરી લોગીન કરવાનું રહેશે. અને ઘખછની નકલ તથા ચકાસણી માટેનો રીપોર્ટ ઓનલાઈન કરવાનો રહેશે.

OMR COPY મેળવવાની અરજીના સંદર્ભ OMR COPY અને રીપોર્ટ ફક્ત ઓનલાઈન માધ્યમથી આપવામાં આવેલ હોઈ ગુજકેટ-૨૦૨૦ પરીક્ષાના તમામ ઉમેદવારો/વાલીઓ તથા સંબંધિત આચાર્યઓને સમયમર્યાદામાં ડાઉનલોડ કરી લેવા ગાંધીનગર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માદયમિક શિક્ષણ બોર્ડના સચિવએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

# જામનગરમાં ત્રીજા સ્મશાનગૃહની માંગને લઈ કોર્પોરેટરે શરૂ કરી નગરયાત્રા



જામનગર, શહેરમાં કોરોના કાળ દરમિયાન રોજ ૧૨ થી ૧૫ લોકોના મોત નિપજી રહ્યા છે. તેમજ શહેરની કોવિડ હોસ્પિટલમાં અનેક દર્દીઓએ દમ તોડ્યો છે. ખાસ કરીને શહેરમાં કોરોનાથી મૃત્યુ પામી રહેલા દર્દીઓના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે સ્મશાનગૃહમાં લઈ જવામાં આવે છે. જ્યાં લોકોના અંતિમ સંસ્કાર માટે લાંબી લાઈનો લાગે છે.

ત્યારે આખરે કોંગ્રેસના કોર્પોરેટર દેવશી આહીરે ત્રીજા સ્મશાનની માંગ સાથે આજથી નગર યાત્રા શરૂ કરી છે. જ્યારે શહેરમાં બે વર્ષ પહેલાં જનરલ બોર્ડમાં ત્રીજા સ્મશાન માટે મંજૂરી પણ આપવામાં આવી હતી. જોકે, મહાનગરપાલિકા દ્વારા સ્મશાન બનાવવામાં ન આવતાં આખરે દેવશી આહીરે સ્મશાનની માંગ સાથે નગર યાત્રા શરૂ કરી છે. જેમાં કોર્પોરેટરે પોતાના શરીર પર ત્રીજા સ્મશાનની માંગના સ્લોગન પણ લગાવ્યા છે.

આ સાથે શહેરીજનોને પત્રિકા પણ વિતરણ કરી હતી. જ્યારે કોવિડથી મૃત્યુ પામેલા દર્દીઓને મોત બાદ પણ સ્મશાનમાં સુવિધા ન હોવાને કારણે ૮ થી ૧૦ કલાક લાઈનમાં રાખવામાં આવે છે. ત્યારે કોંગ્રેસના કોર્પોરેટર દેવસી આહિરે સાત દિવસની નગરયાત્રા કરી તાત્કાલિક સ્મશાન મંજુર કરવામાં આવે તેવી માંગ કરી છે.

# સપ્ટેમ્બર માસમાં GSTની આવક વધી ૯૫,૪૮૦ કરોડ થઈ




ન્યુ દિલ્હી, કોરોના મહામારીને પગલે દેશમાં લાગુ થયેલ લોકડાઉનને કારણે સમગ્ર અર્થતંત્ર પડી ભાંગ્યું હતુ. દેશનો વિકાસ દર તે ત્રિમાસિકગાળામાં ઐતિહાસિક નીચલા સ્તરે પહોંચ્યા બાદ સામાન્ય રિકવરીના સંકેત આપી રહ્યું હતુ અને આજે આવેલ જીએસટી કર વસૂલીના આંકડા આ રિકવરીની વાતને વધુ સમર્થન આપી રહ્યાં છે.

સપ્ટેમ્બર માસમાં દેશમાં લાગુ થયેલ યુનિવર્સલ ટેક્સ કલેકશન સિસ્ટમ GST પેટે સરકારને રૂ. ૯૫,૪૮૦ કરોડની આવક થઈ છે. આજે જાહેર થયેલ આંકડા અનુસાર ગત મહિને દેશમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઉઘરાણી રૂ. ૯૫.૪૮૦ કરોડ રહી છે,જે લોકડાઉન બાદનો એટલે કે માર્ચ બાદનો સૌથી ઉંચો આંકડો છે.

ઓગષ્ટ માસની સરખામણીએ સપ્ટેમ્બરમાં જીએસટી કલેકશન ૧૦.૪% અને ગત વર્ષના ઓગષ્ટ, ૨૦૧૯ની સાપેક્ષે ૪% વધુ છે.

નાણામંત્રાલયે એક માસિક રીપોર્ટમાં કહ્યું કે કુલ જીએસટીમાંથી ૧૭,૭૪૧ કરોડ સેન્ટ્રલ જીએસટી પેટે, ૨૩,૧૩૧ કરોડ સ્ટેટ જીએસટી પેટે મળ્યાં છે. આ સિવાય માલસામાનની આયાતના સેસના ૨૨,૪૪૨ કરોડ સહિત કુલ ૪૭,૪૮૪ કરોડ ઈન્ટીગ્રેટેડ જીએસટી પેટે મળ્યાં છે. ગત મહિને સરકારને સેસ પેટે પણ રૂ. ૭૧૨૪ કરોડની આવક થઈ છે,જેમાં ૭૮૮ કરોડ માલસામાનની આયાત ઉપર મળ્યાં છે.

IGSTમાંથી સેન્ટ્રલ જીએસટી પેટે રૂ. ૨૧,૨૬૦ કરોડ અને સ્ટેટ જીએસટી પેટે રૂ. ૧૬,૯૯૭ કરોડનું સેટલમેન્ટ કર્યુ છે. દર મહિનના આ સેટલમેન્ટ બાદ સપ્ટેમ્બર, ૨૦૨૦ માસ માટે સરકારને CGST પેટે રૂ. ૩૯,૦૦૧ કરોડ અને SGST પેટે રૂ. ૪૦,૧૨૮ કરોડની આવક થઈ છે.

આગામી ૫મી ઓકટોબરના રોજ જીએસટી કાઉન્સિલની વધુ એક બેઠક યોજાવા જઈ રહી છે અને તેમાં સેનેટાઈઝર અને શૂઝથી લઈને ઓટો પાર્ટસ પર જીએસટીમાં ફેરફાર અંગે મહત્વના નિર્ણય લેવાઈ શકે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨-૧૦-૨૦૨૦, શુક્રવાર, અધિક આસો વદ-૧
સૂર્યોદય-૬-૪૦, સૂર્યાસ્ત-૬-૩૨, જૈન નવકારશી-૭-૨૮,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ રેવતી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૪૦થી ૯-૩૮ સુધી, ૧૦-૩૭થી ૧૧-૩૭ સુધી, ૧૩-૩૫ થી ૧૬-૩૩ સુધી, ૧૭-૩૩ થી ૧૮-૩૨ સુધી<br><br>- શુભ હોરા-<br>અભિજીત-૧૨-૧૨થી ૧૨-૫૯ સુધી, ૬-૪૦થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૭ સુધી, ૧૨-૩૬થી શુભ-૧૪-૦૫ સુધી, ૧૭-૦૩ થી ચલ-૧૮-૩૨ સુધી, ૨૧-૩૪થી લાભ-૨૩-૦૫ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૦૨.૧૦.૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- આકસ્મિક ધનલાભ થાય. સ્વાસ્થ્ય સારુ રહે. આવકમાં વધારો થાય. વડીલોનું માર્ગદર્શન મળી રહે.
વૃષભ(બ.વ.ઉ.) :- ધર્મઆધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધતી જણાય. યાત્રા પ્રવાસનું આયોજન થાય. આરોગ્ય સંભાળવું.
મિથુન(ક.છ.ઘ.) :- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હળવી બને. આવકનું પ્રમાણ જળવારી રહે. આકસ્મિક ધન લાભ થાય.
કર્ક(ડ.હ.) :- ઈષ્ટદેવની કૃપાથી રાહત ધાર્મિક ઉપાસનાથી લાભ, વાતાવરણ સુમેળભર્યું રહે. માનસિક ચિંતા હળવી બને.
સિંહ(મ.ટ.) :- સટ્ટાકિય બાબતોથી સંભાળવું નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આવકનું પ્રમઆમ જળવાઈ રહે.
કન્યા(પ.ઠ.ણ.) :- જમીન-મકાન, વાહનનોયોગ, આરોગ્ય સુખાકારી વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બને.
તુલા(ર.ત.) :- નોકરિયાતવર્ગને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળે. પ્રમોશન મલે. આવકનું પ્રમાણ જળવાયેલું રહે.
વૃશ્ચિક(ન.ય.) :- દિવસ આનંદમય પસાર થાય. કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું રહે. યાત્રા-પ્રવાસ શક્ય બની રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- માનસિક ચિંતા હળવી બને. રાજકીય ક્ષેત્રે લાભ થશે, પરંતુ જવાબદારીમાં વધારો થઈ શકે છે.
મકર(ખ.જ.) :- કાયદાકીય પ્રશ્નો હલ થાય. માનસિક ચિંતા ઓછી થાય. નોકરીમાં ફાયદો. આવકનું પ્રમાણ જળવાઈ રહે.
કુંભ(ગ.શ.સ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય. આરોગ્ય સાચવવું, અભ્યાસમાં પ્રગતિ. લગ્નઉત્સુકો માટે ઉત્તમ સમય.
મીન(દ.ચ.ઝ.) :- નોકરી ધંધામાં પ્રગતિ. ધંધાનું આયોજન સફળ બને. માનસિક ચિંતા હળવી બને. સમય શુભ.

## ૧૧૮૧ના મોત સાથે કુલ મૃત્યુનો આંકડો ૯૮,૬૭૮ થયો

# કોરોના સંકટ યથાવત્: ૨૪ કલાકમાં નવા ૮૬૮૨૧ પોઝિટિવ દર્દી નોંધાયા



ન્યુ દિલ્હી, દેશમાં આજથી અનલોક ૫.૦ની શરૂઆત થઈ ગઈ છે. આ વખતે થિયેટરોને ૫૦ ટકા ક્ષમતા સાથે ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. જો કે કેરળ અને પંજાબમાં કોરોનાના વધતા કેસે ચિંતા વધારી દીધી છે. વિશેષજ્ઞો તેને જીવલેણ વાયરસની બીજી વેવનું જોખમ ગણાવી રહ્યા છે અને એવો અંદેશો વ્યક્ત કર્યો છે કે આવનારા તહેવારો સમયે મુશ્કેલીઓ વધી શકે છે. આ ઉપરાંત શિયાળાની ઋતુમાં પણ આ વાયરસથી બચવાની સલાહ આપવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮૬,૮૨૧ દર્દીઓ નોંધાયા છે . આ સાથે જ દેશમાં કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા ૬૩,૧૨,૫૮૫ પર પહોંચી છે. એક જ દિવસમાં કોરોનાથી ૧૧૮૧ લોકોના મૃત્યુ થયા છે. કુલ મૃત્યુનો આંકડો ૯૮,૬૭૮ થયો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ કોરોનાના કુલ ૬૩,૧૨,૫૮૫ દર્દીઓમાંથી ૯,૪૦,૭૦૫ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે. જ્યારે ૫૨,૭૩,૨૦૨ લોકો સાજા થઈ ગયા છે. તહેવારો આવી રહ્યા છે એટલે કોરોનાનું જોખમ પણ વધવાની આશંકા છે. રાજધાની દિલ્હી, કેરળમાં કોવિડ ૧૯ના નવા કેસની સંખ્યા વધી છે. દિલ્હીમાં કોરોનાનો પહેલો પીક જૂનમાં જોવા મળ્યો હતો. જ્યારે રોજેરોજ ૩૦૦૦થી વધુ કેસ મળતા હતા. જુલાઈની શરૂઆતમાં અને અંતમાં કેસ ઘટવાના શરૂ થયા હતાં. આ દરમિયાન રાજધાનીમાં રોજ લગભગ ૧૦૦૦ જેટલા કેસ આવતા હતાં.

જો કે ઓગસ્ટના મધ્યથી દિલ્હીમાં કોરોનાના કેસ વધવા લાગ્યા અને ૯ સપ્ટેમ્બરે દિલ્હીમાં કોરોનાના ૪૦૩૯ નવા કેસ આવ્યા હતાં. રાજ્ય સરકારના ડેટા મુજબ દિલ્હીમાં કોરોનાના કેસ વધીને ૨.૫ લાખ પાર થઈ ગયા છે. બુધવારે દિલ્હીમાં ૩૮૨૭ નવા કેસ આવ્યા હતાં. નીતિ આયોગના સભ્ય વી કે પોલે કહ્યું કે અમે દિલ્હી, પંજાબ અને કેરળમાં કોરોનાનો બીજો પીક જોઈ રહ્યા છીએ.


એ જ રીતે કેરળમાં પણ કોરોનાના કેસ વધવા લાગ્યા છે. સપ્ટેમ્બરના પહેલા મહિનામાં નવા કેસમાં ઘટાડો જોવા મળ્યો હતો. જો કે ૧૬-૨૨ સપ્ટેમ્બર દરમિયાન અહીં પણ કેસ વધવા લાગ્યા અને ૨૩-૨૯ સપ્ટેમ્બવાળા અઠવાડિયામાં તો રાજ્યમાં ૫૮૯૮ કેસ સામે આવ્યા.

સારી વાત એ છે કે કોરોનાનો પ્રકોપ ઝીલી રહેલા મોટા રાજ્યો મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત અન્ય કેટલાક રાજ્યોમાં કોરોનાના કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

સ્વાસ્થ્ય વિશેષજ્ઞોનું માનીએ તો આગામી કેટલાક મહિના ખુબ મહત્વના છે. વી કે પોલે જણાવ્યું કે આપણે શરૂઆતમાં જ લોકડાઉન કરી દીધુ હતું. તે સમયે એવી આશંકા હતી કે કોરોનાનો પીક જૂનમાં આવી શકે છે. પરંતુ શિયાળાના ઋતુમાં શ્વાસ સંબધિત બીમારીઓ વધે છે. આથી આપણે સતર્ક રહેવાની જરૂર છે અને કોરોનાના નવા કેસમાં ઘટાડો કરવાની કોશિશ કરવી પડશે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 36

ગુજરાત સરકાર




ગાંધીવંદના

મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેશે

પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતીના અવસરે સર્વધર્મ પ્રાર્થનાસભાનો કાર્યક્રમ

**સ્થળઃ** કીર્તિ મંદીર, પોરબંદર, **સમય :** સવારે ૦૮ કલાકે

હરઘર જળ

મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી ગાંધીનગરથી તેમજ દિલ્હીથી કેન્દ્રીયમંત્રી જળશક્તિ મંત્રાલય શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત વીડિયો કોન્ફરન્સથી ઉપસ્થિતિ આપશે

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ નળ થી જળ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના ૪ જિલ્લાઓ

આણંદ (ગ્રામ્ય) | મહેસાણા (ગ્રામ્ય) | પોરબંદર (ગ્રામ્ય) | ગાંધીનગર (ગ્રામ્ય)

**વિસ્તારમાં ૧00% નળ જોડાણનો કાર્યક્રમ**

**સ્થળઃ** મુખ્યમંત્રીશ્રી નિવાસ સ્થાન તથા પોરબંદર, આણંદ, મહેસાણા અને ગાંધીનગર ખાતે **સમયઃ** સવારે ૯:30 કલાકે

આંગણવાડીઓનું સશક્તિકરણ

મુખ્યમંત્રીશ્રી વીડિયો કોન્ફરન્સથી તેમજ અન્ય મંત્રીશ્રીઓ અને વરિષ્ઠ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે

- રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ નિમિત્તે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા ૮૩૫ જેટલાં આંગણવાડી, સેજા કચેરી અને બ્લોક ઓફિસના નવનિર્મિત ભવનોનું ઈ–લોકાર્પણ અને ઈ– ભૂમિપૂજન તથા NITA એપ્લિકેશનના લોંચિગનો કાર્યક્રમ
- મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ગુજરાતની ૫ લાખ મહિલાઓને સાંકળીને હેન્ડ વોશિંગ કાર્યક્રમ
- રાજ્ય, મહાનગરપાલિકા અને જિલ્લા કક્ષાએ માતા યશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ

**સ્થળઃ** મુખ્યમંત્રી નિવાસ સ્થાન ગાંધીનગર અને અન્ય જિલ્લા કક્ષાએ **સમયઃ** સવારે ૧૧ વાગે



મારક પહેરો, સામાજિક અંતર જાળવો, સુરક્ષિત રહો

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.

# દે.બારીઆના ભુવાલ ગામે ચેકડેમ કૌભાંડની બોગસ કામો તાત્કાલીક શરૂ કર્યાનો વિડીયો વાયરલ થતાં તપાસનો ધમધમાટ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભુવાલ ગામના વિડીયો સોશિયલ મીડીયામાં ભાર વાઈરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં દર્શાવ્યા અનુસાર, દેવગઢ બારીઆ તાલુકાના ૩૩૦ ચેકડેમોના કૌભાંડની અંદર ભુવાલ ગામે તપાસ કરતાં બોગસ કામ તાત્કાલિક શરૂ કર્યો હોવાના ઉલ્લેખ સાથે બાળ મજુરોને આ કામગીરીમાં લીધા હોવાનું પણ ખુલ્લું પડ્યું છે ત્યારે આ સમગ્ર વિડીયો મામલે જો લાગતા વળગતા જવાબદાર તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવે તો અનેક સઘળી હકીકત આ વિડીયોના મારફતે મળી શકે તેમ છે.

આ વાઈરલ થયેલ વિડીયોમાં એમ પણ ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે કે, ભારત વાઘળા દ્વારા આ સ્થળની મુલાકાત લીધી હતી. આ વિડીયોમાં ઉલ્લેખ તે પણ કરાયો છે કે, દેવગઢ બારીઆ તાલુકાના ૩૩૦ ચેકડેમોના કૌભાંડની અંદર ભુવાલ ગામે ચેકડેમોના કૌભાંડની અંદર જે ચેકડેમો થયા હતા તેમાં તપાસ કરતાં બોગસ કામ તાત્કાલિક બનાવવાનું ચાલુ થઈ રહ્યું છે. ભરત વાઘળા દ્વારા સ્થળ પર તપાસ કરતાં જેની ઉંમર નથી મજુરી કરવાની તેવા બાળ મજુરો સાથે આ કામગીરી કરાવવામાં આવતું હોવાના પણ આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. વધુમાં આ વિડીયોમાં ઉલ્લેખ તે પણ થયો છે કે, મજુરી કરવા આવેલ બાળ મજુરોને તથા બીજા મજુરોને જુવાનસિંહ નામના માણસે મોકલ્યા છે. આ બધા નાની ખજુરીના બાળ મજુરો હોવાનું પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બાળ મજુરો પૈકી કેટલાક બાળ મજુરો તો ૧૮ વર્ષથી નીચેની ઉંમરના હોવાનું ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વધુમાં આ ચેકડેમોની કામગીરીમાં રફ કામગીરી કરવામાં આવી હોવાનું પણ વિડીયોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બાળકો પાસે જોબકાર્ડ પણ નથી અને મજુરી કરાવવામાં આવી રહી છે. આ વિડીયોમાં કૌભાંડ થયો હોવાના ઉલ્લેખ સાથે કરોડો રૂપીયા ચાઉં કરી ગયા હોવાનો પણ આક્ષેપો કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર વિડીયોથી દાહોદ જિલ્લામાં સરકારી આલમ તેમજ ઉચ્ચ અધિકારીઓમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે આ સમગ્ર વિડીયો તેમજ આ કામગીરીની તલસ્પર્શી તપાસ હાથ ધરવામાં આવે તો અનેક સઘળી હકીકતો બહાર એવી તેવી શક્યતાઓને નકારી શકાતી નથી.

# દાહોદમાં ત્રણ સ્થળે પ્રાયોગિક ધોરણે ટ્રાફિક સિગ્નલના અમલનો પ્રારંભ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ નગરમાં સ્માર્ટ સિટી અંતર્ગત વાહનોના નિયમન માટે લગાવવામાં આવેલા ટ્રાફિક સિગ્નલનો ત્રણ સ્થળોથી પ્રાયોગિક ધોરણે અમલ શરૂ કરવામાં આવ્યો છે. ટ્રાફિકના નિયમોનુસાર હવે અહીં ગ્રિન, રેડ અને યેલો લાઇટની પ્રણાલીને વાહનચાલકોએ અનુસરવાનું રહેશે.

સરસ્વતી સર્કલ, સ્વામી વિવેકાનંદ સર્કલ અને ભગિની સમાજ ખાતે સ્માર્ટ સિટી અંતર્ગત મૂકવામાં આવેલા ટ્રાફિક સિગ્નલનો પ્રાયોગિક ધોરણો અમલ શરૂ કરવામાં આવ્યો હોવાનું જણાવતા કલેક્ટર વિજય ખરાડીએ ઉમેર્યું કે, લોકોમાં ટ્રાફિકની બાબતમાં અનુશાસન આવે અને ટ્રાફિકના નિયમો માટે લોકોમાં જાગૃતિ આવે એવો હેતું રહેલો છે.

સ્માર્ટ સિટી તંત્ર દ્વારા એડોપ્ટિવ ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમના અમલ માટે પોલીસ તંત્રના ૧૫ જવાનોને તાલીમ આપવામાં આવી છે. એડોપ્ટિવ ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમનો નગરમાં તબક્કાવાર અમલ શરૂ કરવામાં આવશે.

# દાહોદનાં ૯ તાલુકાદીઠ ૧૮ ગામોને મળશે રમત ગમતના મેદાન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતનો યુવાન મોબાઇલનું વ્યસન છોડી રમતના મેદાનમાં આવે અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજ્યનું નામ રોશન કરે તેવા ઉદ્દેશ સાથે ત્રણ નવી યોજનાઓનું રાજ્યવ્યાપી ઇ–લોન્ચિંગ કર્યું છે. આ ત્રણ યોજનાઓમાં યુવાનો મોબાઇલથી મેદાન તરફ વળે તે માટે મોબાઇલ ટુ સ્પોર્ટ્સ, રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૦૦ રમતગમતના મેદાન વિકસાવવા માટેની યોજનાનો સમાવેશ થાય છે. યોજનાના ઇ–લોન્ચિંગ પ્રસંગમાં દાહોદ જિલ્લાના યુવા ખેલાડીઓ, કોચઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા સેવા સદન, દાહોદ ખાતેથી જોડાયા હતા.

દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત દરેક તાલુકાના બે ગામ દીઠ ૧૮ ગામોમાં રમત ગમતના મેદાન વિકસાવામાં આવશે. ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના અંતર્ગત દાહોદના ૧૮ ગામોમાં દાહોદ તાલુકાના હિમાલા અને ખરેડી, ફતેપુરાના ફતેપરા, બલૈયા, ગરબાડાના વડવા અને અભલોડ, ઝાલોદના રૂપાખેડા અને કારઠ, દેવગઢ બારીયાના પીપલોદ અને રૂવાબારી મુવાડા, લીમખેડાના પાલ્લી, માન્લી, ધાનપુરના પીપેરો અને નાક્ટી, સીંગવડના સીંગવડ અને છાપડવડ ઉપરાંત સંજેલી તાલુકાના કરંબા અને પતેલા ગામોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર પણ જિલ્લા રમત ગમત કચેરી ખાતે શરૂ કરી દેવામાં આવ્યું છે. અને રમતવીરોને રોજગારી માટે જરૂરી માર્ગદર્શનની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

વિડિયો કોન્ફરન્સથી યોજાયેલા કાર્યક્રમમાં દાહોદ જિલ્લાના રમત ગમત અધિકારી વિરલ ચૌધરી, હોકીના ડિસ્ટ્રીક્ટ કોચ અલ્પેશ પટેલ સહિતના કોચઓ, રમતવીરો ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ જીલ્લામાં ૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૭ કોરોના પોઝિટિવ દર્દીઓના સાથે દાહોદ જિલ્લામાં કોરોના નો કુલ આંકડો ૧૬૦૩ ને પાર થવા પામ્યો છે.

આજે આરટીઈસીઆર ના ૨૮૪ ટેસ્ટમાંથી ચાર અને રેપીડ ટેસ્ટના ૧૨૬૬ માંથી ત્રણ એમ કુલ મળી આજે સાત દર્દીઓ કોરોના પોઝિટિવ નોંધાયા છે. આ સાત પૈકી ચાર દાહોદના, ઝાલોદમાંથી બે અને દેવગઢબારિયા માંથી એક દર્દી નો સમાવેશ થાય છે. આજે બધું ૧૨ દર્દીઓએ કોરોના સામે જંગ જીતતા હોસ્પિટલમાંથી રજા અપાઈ અપાઈ હતી અને એક્ટિવ કેસ ૮૮ રહેવા પામ્યા છે. અત્યાર સુધી કોરો નાખી દાહોદ જિલ્લામાં ૭૦ લોકોના મોત નિપજ્યાની સત્તાવાર માહિતી મળી રહી છે.

# દે.બારીઆ શહેરમાં લાઈટ બંધ રહેતાં શહેરીજનો પરેશાન

દે.બારીઆ,

દેવગઢ બારીઆ શહેરમાં એમ.જી.વી.સી.એલ. પાંગળૂ કેમ છે ! આખું શહેર સવારના ૭ કલાકે થી ૧૨ કલાકે સુધી લાઈટો બંધ રહેતા ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા. ધંધા રોજગારને મોટું નુકશાન થયું કોણ ભરપાઈ કરશે. આગલા મંગળવારે લાઈટો બંધ નહિ કરો અને ધંધા રોજગાર કરતા વેપારીઓ, કારીગરોને જે નુકશાની વેઠવી પડે છે. તે સભરર થશે ખરી.

પ્રાપ્ત માહિતી મુજબ તા.૧/૯/૨૦૨૦ ગુરુવારના રોજ એમ.જી.વી.સી.એલ.ના કર્મીઓ દ્વારા બરોબર મેન્ટનન્સ ન કરાતા લાઈટો અચાનક બંધ થતા આખું શહેર બનામાં લીધું હતું. લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા. લાખો કરોડોના વીજ બીલો ભરે છે. તેમ છતાં જોઈએ એવી સર્વિસ એમ.જી.વી.સી.એલ. આપવામાં નિષ્ફળ છે. અચાનક લાઈટ બંધ થતા દળવાની ઘંટી ડોળી પીલવાના ઘાણા, વોટર સપ્લાયર્સ તેમજ નાના મોટા ગૃહ ઉદ્યોગ ને મોટું નુકશાન થવા પામ્યું છે. જેથી એમ.જી.વી.સી.એલ. દે.બારીઆ કચેરીનો સ્ટાફ જવાબદારી માથે લેશે ખરા દર મંગળવારે મેન્ટનન્સનું કાર્ય આગળ ધરી લાઈટો બંધ રહે છે. તો કેવો મેન્ટનન્સ કરાય છે. દેવગઢ બારીઆમાં લાઈટ બંધ થાય તો તમામ ઓફિસોનું કાર્ય બંધ થઈ જાય છે. ઓફિસના તમામ ટેબલો ખાલીખમ દેખવા મળશે. આળસું કર્મીઓ લાઈટ બંધનું બ્હાનું બતાવી જતા રહે છે. શહેરના ગૃહ ઉદ્યોગને નુકશાની માટે એમ.જી.વી.સી.એલ.ને જવાબદાર વેપારીઓ ઠેરવી રહ્યા છે.

